અપીલ અરજી નં.૩૨૨ તા.૨–૨–૦૯

અરજદારઃ શ્રી ડી.જે.અકબરી
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.જે.અકબરીની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી મનમંદિર હા.સોસાયટી છાપરાભાઠા રોડ તથા નવા સમાવિષ્ટ વિસ્તારના પાણીના કનેકશન અને આકારણી અંગેની મુદ્દા નં.૧ થી ૨ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૨/૨૦૦૮–૦૯

શ્રી ડી.જે.અકબરીની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી મનમંદિર હા.સોસાયટી છાપરાભાઠા રોડ તથા નવા સમાવિષ્ટ વિસ્તારના પાણીના કનેકશન અને આકારણી અંગેની મુદ્દા નં. ૧ થી ૨ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આ./૭૨૬૫ તા.૧૭–૧–૦૯થી આપેલ વચગાળાની માહિતી તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી કોઈ પ્રત્યુતર ન મળવાથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧–૦૯ ના રોજ કરેલ અપીલ મુળ અરજીના અનુસંધાને સરખી વિગતે તા.૨–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭૬ તા.૧૦–૨–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન
ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.એન.ઝેડ/એઆરડી/૮૬૪ તા.૧૭–૨–૦૯ ના રોજના પત્રથી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

જે અનુસાર મુદ્દા નં.૧ અન્વયે સોસા.માં સફાઈ માટે ચાર્જીસ કયા નિયમોને આધારે વસુલ કરવા પાત્ર છે તેના નિયમ, ઠરાવ અને એકટની નકલ બાબતે તેમજ મુદ્દા નં.ર અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા અરજી હેઠળનો વિસ્તાર વોટર ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ તેવા જાહેરનામાં કે ઠરાવની નકલ અનુક્રમે જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) ડે.કમિશ્નર (પઅનેઈ) ના પત્ર નં.૮૧૨ તા. ૬–૨–૦૯ થી અરજદારને મુળ અરજીના સંદર્ભમાં માહિતી પુરી પાડવા આવેલ. જેથી એ બાબતે પુનઃ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહે નહીં

અરજદારે મુળ અરજી બાબતે એકવાર કરેલ અપીલ નિકાલ થયા બાદ પુનઃ અપીલ કરી આ તબકકે પ્રથમ અપીલમાં જાહેર માહિતી અધિકારી નોર્થઝોન કક્ષાએ એપેલેટ ઓથોરીટી અંગે કોઈ સૂચના જોવા મળેલ નહીં હોવાની બાકી રહી ગયેલ રજૂઆત અંગે ફેર રજૂઆત કરેલ છે. જે એકવાર અપીલનો આખરી નિકાલ થયા બાદ ધ્યાનમાં લેવા જોગ રહે નહીં તેમ છતાં અરજદારની રજૂઆત આરટીઆઈ કાયદાની કલમ–૪(૧) બી ની વૈધાનિક જોગવાઈ ધ્યાને લેતાં વ્યાપક જાહેર હિતમાં વિચારણામાં લેવા જોગ જણાય છે. ઉલ્લેખનીય છે કે આ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ **WWW.suratmunicipal.gov.in** ઉપર પ્રસિધ્ધ થયેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ફરીયાદની હકીકતનો ઉત્તરાર્ધ ભાગની વિગત ધ્યાને લેતાં અરજદારે માંગેલ માહિતી તેમને મળી ગયેલ હોય તે મુદ્દાઓ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

એપેલેટ અધિકારીની સ્વયં જાહેર કરવા જોગ માહિતી કચેરીમાં ધ્યાનાકર્ષક જગ્યાએ પ્રસિધ્ધ કરવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન,..... જાણ તથા અમલ માટે
(૩) શ્રી ડી જે. અકબરી